## ડાયરેક્ટ ❤ સે

ન હતી ચિંતા કાલની
ન ભૂતકાળનો અફસોસ
બસ,
ભવિષ્યની ચિંતા કરવામાં
બાળપણ ચાલ્યું ગયું.

## જન્મદિને વધામણી



હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે

# શહીદ દિન નિમિત્તે સ્વચ્છતા જાગૃતિ માટે મૌન રેલી





## સ્વચ્છતા સર્વેમાં ગાંધીનગરને દેશમાં અગ્રણી બનાવીએ : મેયર

ગાંધીનગર, તા. ૩૦

શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીક અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ગાંધી નિર્વાણ દિન અને શહીદ દિન નિમિત્તે સ્વચ્છતા જાગૃતિનાં બૅનર્સ સાથે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનું પ્રસ્થાન લીલી ઝંડી આપી રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી, મેયર પ્રવીણભાઈ પટેલ અને પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા દ્વારા કરવામાં આવ્યું હતું. ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ગાંધીજીની વેશભૂષામાં રેલીની આગેવાની કરી હતી.

રામકૃષ્ણ સ્વામીએ સૌને આહ્વાન કર્યું હતું કે આપણે વિદેશ જઈને જેમ સ્વચ્છતાનું પાલન કરીએ છીએ તે જ રીતે આપણે ભારતમાં સ્વયંભૂ વર્તન કરીએ તો ભારત દેશ પણ સ્વાસ્થ્યપ્રદ અને સશક્ત બને. મેયરે ગાંધીનગર શહેરને સ્વચ્છતા સર્વેમાં ભારતમાં અગ્રણી બનાવવાની હાકલ કરી હતી. કૉલેજના પ્રિન્સિપાલ ધર્મેશ વંડરાએ જણાવ્યું હતું કે શાળા-કૉલેજમાં અન્ય વિષયોની જેમ સ્વચ્છતાનું મહત્ત્વ ભણાવવામાં આવે તો ભાવિ સમાજમાં સ્વચ્છતાના સંસ્કારનું સિંચન થાય.

ગાંધીનગરના નાગરિકોમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતાનાં શપથનાં ફૉર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ સ્વચ્છતાની મોબાઈલ ઍપ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

મૌન રેલીનું સ્વાગત દાંડી કુટિરના સીઈઓ સી જે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સૌ દ્વારા મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દાંડી કુટિરની મુલાકાત લઈ ગાંધીજીવનથી પ્રભાવિત થયા હતા.

# એસ. જી. પ્રાથમિક શાળામાં ઈકો ફ્રેન્ડલી વસ્તુઓ બનાવાઈ



એસ. જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-૫થી૮ના વિદ્યાર્થીઓ માટે ઈકો ફ્રેન્ડલી પ્રવૃતિનું આયોજન થયું હતું. આ પ્રવૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓએ માટીમાથી રમકડાં, વિવિધ મૂર્તિઓ, માટીનાં વાસણ તેમજ અલગ અલગ નમૂના બનાવ્યા હતા. આ પ્રવૃત્તિમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## સરકારી વિનયન કૉલેજ ખાતે 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૩૦

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના ઈતિહાસ વિભાગના ઉપક્રમે ગુરુવારે જિતેન્દ્ર વી શાહ (નિવૃત્ત અધિક્ષક, ગુજરાત રાજ્ય દફતર ભંડાર, ગાંધીનગર) દ્વારા કૉલેજના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વ્યાખ્યાન અંતર્ગત તેમણે સંશોધનકાર્યમાં અભિલેખોની ઉપયોગિતા અંગે જાણકારી આપી હતી તથા વિવિધ ક્ષેત્રે અભિલેખોના મહત્ત્વ અંગે વિસ્તારપૂર્વક રસપ્રદ માહિતી આપી હતી.

આ પ્રસંગે અલભ્ય દસ્તાવેજો અને સિક્કાઓનું ત્રિદિવસીય પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેનો લાભ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૩૦

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત સમારોહના પ્રમુખ તરીકે નગરસેવક દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કેજીના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને ઉપસ્થિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓનું મન મોહી લીધું હતું. પ્રગતિ હૉસ્ટેલના સંચાલક પરેશભાઈ ચૌધરી અને ક્રિષ્ના હૉસ્ટેલના સંચાલક ભીખાભાઈ ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓને ઈનામો એનાયત કર્યાં હતાં. વિશિષ્ટ સિદ્ધિપ્રાપ્ત વિદ્યાર્થીઓને સંચાલક દક્ષાબેન સુથાર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. શાળાના પૂર્વ વિદ્યાર્થી અને રાધેશ્યામ એન્ટરપ્રાઈઝના સુકાની સંજીવભાઈ યાદવે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શંકરસિંહ વિહોલે ઉદ્દઘોષક તરીકે જવાબદારી નિભાવી હતી અને શરદભાઈ પટેલે આભાર દર્શન કર્યું હતું. ભાઈલાલભાઈ પટેલે વિદ્યાર્થીઓને ચૉકલેટ આપી મોં મીઠું કરાવ્યું હતું.

# 'છટકેલ છોકરીઓ' પ્રેક્ષકોનાં હૃદયમાં વસી

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત અને મનીષ પાટડિયા દ્વારા લિખિત-નિર્મિત નાટકનો પ્રથમ શો ગાંધીનગરના આંબેડકર હૉલમાં યોજાયો

ગાંધીનગર,તા. ૩૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત સામાજિક નાટક 'છટકેલ છોકરીઓ'નું મંચન ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે શનિવારે રાત્રે કરવામાં આવ્યું હતું.

મનીષ પાટડિયા લિખિત-દિગ્દર્શિત આ મનોરંજક નાટકમાં કરિશ્મા પાટડિયા, હાર્દિકા શુક્લ, પ્રતીક્ષા નિમાવત અને કુંતલ નિમાવત દ્વારા વાસ્તવિક અને પ્રભાવી અભિનય આપવામાં આવ્યો હતો.



નાટકના વિષયવસ્તુ અને સંવાદો ઉપરાંત દૃશ્યરચના અને નૃત્યથી પ્રેક્ષકો ભારે પ્રભાવિત થયા હતા. સૌએ એક અવાજે નાટકને માણ્યું ને વખાણ્યું હતું.

નાટકના ઍસોસિએટ ડિરેક્ટર કુંતલ નિમાવત અને પ્રૉડક્શન ઈન-ચાર્જ હિમાંશુ ભચેચ હતા. સંગીત પર્વ નિમાવત, સંગીત સંચાલન મયંક ભટ્ટ, લાઈટ સંચાલન સાબિર મલેક, ડ્રેસીંગ્સ મનીષા ખત્રી, મેક-અપ દિપલ પરમાર, નીતા ભચેચ, સૅટીંગ્સ અનુજ સોલંકી, કલીમ હાશમી, વિપુલ સેનમા, મૌલિક ગોહિલ અને સચિન ઠાકોર દ્વારા તથા નેપથ્યની સેવા હિતાર્થ શ્રોત્રિય, પ્રતીક હિરપરા, નિકીતા પરમાર, અર્થ સાધુ અને હરિકૃષ્ણ સેંજલીયા દ્વારા આપવામાં આવી હતી.

સાવ નવા અને આધુનિક વિષયવસ્તુને વણીને તૈયાર કરવામાં આવેલા આ અનોખા નાટકને માણવા માટે નગરના જાણીતા કવિ-સાહિત્યકાર તથા પાટનગર પ્રકાશ અખબારના તંત્રી ભરત કવિ, નાટ્યકાર હસમુખ મૅકવાન, નવિન સિંગલ, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રી, પત્રકાર નીતિન પટેલ, રમત જગત મૅગેઝિનના તંત્રી ભૂપેન્દ્ર શ્રોત્રિય ઉપસ્થિત રહ્યા હતા.





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા સોમવારે વિવિધ ડેઝની ઉજવણી અંતર્ગત 'ગૃપ ડે' અને 'થીમ ડૅકોરેશન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. સોમવારે વિદ્યાર્થીનીઓ દ્વારા કંપની સ્થાપના, પર્યાવરણ બચાવ, પાણી બચાવ, સર્વ ધર્મ સમભાવ, સ્વચ્છતા, સદ્દવિચારો જેવી થીમ પર નાટકનું મંચન કરવામાં આવ્યું હતું, જેને વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક નિહાળી અને માણી હતી. સમગ્ર આયોજન વિદ્યાર્થિનીઓના અનન્ય ઉત્સાહને કારણે સફળતાને વર્યું હતું.

## કલોલ ખાતે પ્રજાસત્તાક દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં કલોલ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રજાસત્તાક દિવસ ઉજવાયો



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન અને રાષ્ટ્રગીતના સંગીતમય સથવારે સંસ્થાના સમગ્ર સ્ટાફમિત્રોએ આ પ્રસંગમાં ઉમંગભેર ભાગ લીધો હતો. સંસ્થાના વડીલ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફને પ્રસંગોચિત ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું.

# આપણે સ્નેહનું એક કિરણ આપીએ, તેઓ આખો સૂરજ આપી દેશે




vamlani2000@yahoo.co.uk

એક મધ્યમ કક્ષાના શહેરમાં એક કુટુંબ રહે. એ કુટુંબે એક દૂધવાળા પાસે દૂધનું લગવું બંધાવેલું. દૂધવાળો રોજ સવારે છ થી સાત વાગ્યાની વચ્ચે રોજ ઘેર આવીને દૂધ આપી જાય. પાંચેક વર્ષથી એ કુટુંબ એ શહેરમાં રહેતું હતું અને ત્યારથી જ એ દૂધવાળા પાસેથી નિયમિત રીતે દૂધ લેતા હતા. આ સમય દરમિયાન એ દૂધવાળા અને એ કુટુંબના સમ્બન્ધો માત્ર આર્થિક વ્યવહારો પૂરતા જ રહ્યા હતા.

એક સવારે એ દૂધવાળો દૂધ આપવા ના આવ્યો. લગભગ સાડા સાત વાગ્યા સુધી એ કુટુંબે દૂધવાળાની રાહ જોઈ પણ ના આવ્યો અને કોઈ સમાચાર પણ નહીં. આસપાસના બે-પાંચ પડોશીઓને ત્યાં એ દૂધવાળો દૂધ આપતો હતો ત્યાં પણ પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે એ દૂધવાળો ત્યાં પણ દૂધ આપવા આવ્યો નથી.

છેવટે એક કુટુંબીજને દૂધવાળાને ફોન કર્યો. દૂધવાળાએ કહ્યું કે પોતાના કોઈ એક કુટુંબીજન ખૂબ જ ગંભીર હાલતમાં હોસ્પીટલમાં છે અને પોતે તેની સાથે છે. આ કારણસર પોતે દૂધ આપવા આવી શકે એમ નથી અને અન્ય બીજી કોઈ વ્યવસ્થા પણ કરી શકે એમ નથી. દૂધવાળાએ એવી પણ જાણ કરી કે પોતાને ઘેર દૂધ તૈયાર છે એટલે ઘેરથી દૂધ લાવવાની વ્યવસ્થા કરી શકો છો. પોતે કેટલા દિવસ દૂધ આપવા આવી શકે એમ નથી એ પણ નક્કી નહીં એવું પણ તેને કહ્યું. પોતાના કુટુંબીજનની તબિયત મધરાતે લથડી હોવાને કારણે પોતે દૂધ આપવા નહીં આવી શકે એવી જાણ ના કરી શક્યો એ બદલ તેણે દિલગીરી પણ વ્યક્ત કરી.

દૂધવાળાની મુશ્કેલી સમજી જઈને એ કુટુંબના એક સભ્ય દૂધવાળાને ઘેર ગયા અને પોતાનું દૂધ લાવ્યા. સાથે સાથે આસપાસના બે-ત્રણ પાડોશીઓ કે જેઓ પણ એ જ દૂધવાળા પાસેથી દૂધ લેતા હતા તેઓનું પણ દૂધ લાવીને એ લોકોને પહોંચાડી દીધું. આવું એ કુટુંબે ત્યાં સુધી કર્યું જ્યાં સુધી દૂધવાળાએ પોતે વ્યવસ્થા ના કરી. પાંચ-છ દિવસ પછી દૂધવાળો પોતે દૂધ આપવા આવવા લાગ્યો અને બધુ નિયમિત થઈ ગયું. આ ઘટના બન્યા પછી દૂધવાળાએ એ કુટુંબનો આભાર વ્યક્ત કર્યો અને તેઓને પોતાના એક નજીકના સંબંધી તરીકે ગણવા લાગ્યો. પોતાને ઘેર કોઈ નાનો-મોટો શુભ પ્રસંગ હોય તો એ કુટુંબને ખાસ આગ્રહ કરીને નિમંત્રણ આપે. પોતાની ગાય કે ભેંસ વિયાણી હોય ત્યારે તેનું ખીરું આપી જાય. વાડીમાં મગફળીના ઓળા ખાવા આગ્રહ કરીને લઈ જાય. એ કુટુંબમાં કોઈપણ પ્રકારનો સુખ-દૂ:ખનો પ્રસંગ હોય તો પોતે એ પ્રસંગમાં ખડે પગે ઊભો રહે. એ કુટુંબના સભ્યો તરફથી પણ એ દૂધવાળાને યોગ્ય પ્રતિભાવો મળવા લાગ્યા અને બંને કુટુંબના સંબંધો વિકસતા ગયા.

બદલીને કારણે એ કુટુંબનું એ શહેરમાંથી બીજા શહેરમાં સ્થળાંતર થયું. એ કુટુંબ જ્યારે શહેર છોડીને જતું હતું ત્યારે એ દૂધવાલે અગર કરીને પોતાને ઘેર ભોજન માટે લઈ ગયો, એ કુટુંબના ઘરનો માલ-સામાન બંધવામાં મદદ કરી અને જે શહેરમાં એ કુટુંબની બદલી થઈ હતી ત્યાં સુધી તેઓને મૂકવા પકન ગયો. એ દૂધવાળો જ્યારે એ કુટુંબથી છૂટો પડ્યો ત્યારે એ ધ્રુસકે ધ્રુસકે રડ્યો. એ દૂધવાળો જ્યારે ખરેખર મુશ્કેલીમાં હતો ત્યારે એ કુટુંબે તેની મુશ્કેલી સમજવાનો પ્રયત્ન કર્યો, કુટુંબના સભ્યોએ થોડી અગવડતા ભોગવી, દૂધવાળાના બીજા ગ્રાહકોને પણ અગવડતા ના પડે અને તેઓને પણ સમયસર દૂધ મળી જાય તેની ખેવના કરી, દૂધવાળા ઉપર કોઈપણ પ્રકારનું દબાણ ના કરીને એ કુટુંબે પોતાનો સદવ્યવહાર બતાવ્યો. એ દૂધવાળા સાથે માત્ર વ્યવહારી સંબંધો પૂરતું સીમિત ના રાખીને સામાજિક સંબંધો પણ વિકસાવવા માટે આગળ આવ્યું અને આમ એ કુટુંબે દૂધવાળા સાથે સંબંધો બાંધવાની પણ પહેલ કરી. દૂધવાળા એ પણ એ કુટુંબની પહેલને, એ કુટુંબના સદવ્યવહારને એટલો જ ઉષ્માભર્યો પ્રતીભાવ આપ્યો. આમ એ કુટુંબની પહેલ ને કારણે એ દૂધવાળા અને એ કુટુંબના સંબંધો વિકાસ પામ્યા અને ગાઢ બન્યા. કોઈપણ કુટુંબને એક દૂધવાળો, બે-ત્રણ શાકભાજીવાળા, એક ધોબી, એક છાપાવાળો, એક-બે સફાઈવાળા, બાળકોને શાળાએ લઈ જતાં એક-બે વાન કે રિક્ષાવાળા, એક-બે ઘરઘાટી, ડ્રાઈવર, પોસ્ટમેન કે આ પ્રકારના નાના-મોટા કાર્યો કરતાં લોકો સાથે કાયમી વ્યાવહારિક સંબંધો હોય જ છે. આપણે એ લોકો સાથેનાં આપણાં સંબંધો રોજિંદા આર્થિક વ્યવહાર પૂરતા જ, ગ્રાહક-વેપારી જવા જ સંબંધો રાખીએ છીએ. આ પ્રકારના લોકો સાથે આપણે સામાજિક સંબંધો વિકસાવવાનું ભાગ્યે જ વિચારીએ છીએ અને તેને કારણે તેઓની સાથેના આપણાં સંબંધો આર્થિક વ્યવહારો પૂરતા જ સીમિત રહી જાય છે. આમ થવાને કારણે ઘણીવાર આપણે સારા સંબંધોથી વંચિત રહી જઈએ છીએ. (ક્રમશઃ)

